તારીખ: 14 ફેબ્રુઆરી, 2014

# આંધ્ર પ્રદેશમાં સમાધાનના પ્રયાસો જરૂરી

**- અરુણ જેટલી**

**વિપક્ષી નેતા (રાજ્ય સભા)**

યુપીએ  સરકારની મુદત પૂરી થવાની તૈયારીમાં છે, ત્યારે સિસ્ટમમાં હવે તેના માટે ખુબ ઓછો હિસ્સો બાકી રહ્યો છે. યુપીએ સરકાર પોતાની પાછળ વિષમ પરિસ્થિતિ છોડી જવા માંગે છે. તેની મુદતની શરૂઆતના દિવસોમાં સંસ્થાઓમાં ઘટાડો, અર્થતંત્ર વિકાસદરમાં મંદગતિ, ભ્રષ્ટાચાર સરકારી નિર્ણયો લેવામાં વિશ્વસનીયતાનું સ્તર ઘટવું વગેરે બાબતો ઉભરી આવી છે .

યુપીએ સરકાર હવે સંપૂર્ણપણે તેલંગણા રાજ્ય રચનાના સંબંધમાં વિવાદનું નિરાકરણ લાવવાના મામલે પડી ભાંગી છે. ઘણા લાંબા સમય સુધી નિયંત્રિત કરવામાં આવેલા મુદ્દે યુપીએના પોતાના પક્ષમાં નિયંત્રણ રહ્યું નથી. વિક્ષેપ વગર સંસદીય સત્ર ચાલે એવું હવે ભાગ્યે જ બને છે. યુપીએના પોતાના સભ્યો દ્વારા આવી અવ્યવસ્થા મુખ્ય પ્રવાહની વિરૂધ્ધ છે. સરકાર અને ખાસ કરીને વડાપ્રધાન કચેરી અને ગૃહ મંત્રાલય સંપૂર્ણપણે લકવાગ્રસ્ત થઈ ગયા છે અને મુદ્દાઓ ઉકેલવા ભાગ્યેજ કોઈ પહેલ કરી રહ્યા છે.

આજે પણ સર્વસંમતિ સાધવાની દિશામાં કોઈ કામ થઈ રહ્યું નથી. વણઉકેલ પ્રશ્નોમાં સીમાંધારા માટે અલગ હાઈકોર્ટના સર્જન માટેની માગણી, રાજ્યનું દ્વિભાજન થવાને કારણે આવકમાં સંભવિત નુકસાનમાં વળતર, પાણી અને વીજળી અને અન્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે. એનડીએ સરકારે ઝારખંડ, ઉત્તરાખંડ અને છત્તીસગઢ એ ત્રણ રાજ્યો બનાવતી વખતે સમાધાનથી આવા મુદ્દાઓ ઉકેલી દીધા હતા. ગુરુવારે સંસદીય મડાગાંઠ અને વરવા દૃશ્યો પ્રત્યે યુપીએ સરકારે આંખ આડા કાન કર્યા છે. સંસદની કાર્યવાહીમાં

ખલેલને યુપીએ સાથે સંબંધ જ ન હોય એવું વલણ દાખવવામાં આવ્યું. તેલંગણા અને સીમાંધારાના પ્રતિનિધિઓ વચ્ચે મતભેદોનું સમાધાન કરવા કોઈ પ્રયાસ કરવામાં આવ્યા જ નથી. સરકારે સમજૂતી માટે તેઓને એક મંચ પર લાવવાની કોશિશ જ કરી નથી. સંસદ બેઉ પ્રદેશોની આકાંક્ષાઓ વિશે ચર્ચા કરવામાં અક્ષમ છે. આ પ્રક્રિયામાં ભારતીય લોકશાહીની પ્રતિષ્ઠા ઝંખવાઈ છે. સંસદમાં જે થઈ રહ્યું છે તે બાબતે રાજકારણની છબીને પણ હાનિ થઈ છે. તેલંગણા અને સીમાંધારા બંનેના પ્રતિનિધિઓ તેમને થનારા સંભવિત અન્યાય નો એ વિરોધ હતો. યુપીએ સરકારે તમામ અર્થમાં સાનભાન ગુમાવી દીધા છે. આજે પણ સીમાંધારા વિસ્તારના લોકો ચિંતામાં છે. તાબડતોબ આંધ્રપ્રદેશમાંથી તેલંગણાની રચના થઈ શકે છે કે જે સમાધાન પ્રક્રિયા વડે શક્ય છે. તેના માટે બંને વિસ્તારની સમસ્યાઓનું સંસદમાં જ અથવા બહાર નિરાકરણ લાવવું પડશે.